અર્પણ

મધ્યકાલીન સાહિત્યનાં મારી અનુજ પેઢીનાં અભ્યાસીમિત્રો –

**કીર્તિદા શાહ**

**દર્શના ધોળકિયા**

**રાજેશ પંડ્યા**

**અભય દોશી**

– ને સ્નેહપૂર્વક

# નિ વે દ ન

**મધ્યકાલીન સાહિત્ય સાથેનો નાતો –**

– આ નાતો, આ આહ્‌લાદક સંસર્ગ વર્ષોથી, વિદ્યાર્થીકાળથી જ.

કૉલેજમાં પ્રવેશતાં, ને એ પહેલાં પણ, કેટલાંક પદો, આખ્યાનો વંચાતાં રહેલાં, પણ આશ્ચર્ય એ કે મધ્યકાલીન સાહિત્યે મનનો કબજો લીધો અનંતરાય રાવળના ‘ગુજરાતી સાહિત્ય : મધ્યકાલીન’ એ ઇતિહાસગ્રંથે! ઘણાં વધારે પાનાંમાં વિસ્તરી શક્યો હોત એવો આ ગ્રંથ, આખોયે મધ્યકાળ, રાવળસાહેબે સવા બસો પાનાંમાં આલેખી આપ્યો એ સઘન લેખનશૈલી પણ મનમાં વસી ગયેલી – વિવેચન લખવાનું થયું ત્યારે એ સઘન સંકુલ લેખનરીતિ એક પ્રકારનો આદર્શ બની ગઈ.

અર્વાચીન, અને એ સમયે આબોહવામાં વ્યાપી ગયેલું આધુનિક સાહિત્ય રોમાંચક લાગવા માંડેલું ત્યારે પણ મધ્યકાળનું ખેંચાણ ઓછું ન થયું. મધ્યકાળના ઉત્તમ કવિઓની કવિતા કેવળ ભક્તિસંપૃક્ત ઉદ્‌ગારો જેવી ન લાગતાં, માર્મિક સર્જકતાવાળી, ઊંચી કવિતારૂપે સ્પર્શતી જતી હતી. એમ પણ લાગતું ગયું કે આ સર્જકોમાં પરંપરાનુસરણ અને અકર્તૃભાવ હોવા છતાં એ ઓછા વિદગ્ધ ન હતા, ને સરેરાશ કવિશક્તિવાળા ન હતા. મધ્યકાલીન કવિતા પણ સર્વકાલીન કવિતાની પ્રભાવકતા ધરાવતી હતી. એટલે, અર્વાચીન ઉત્કૃષ્ટ કવિતા અને વિવેચનની સમાન્તરે જ, તથા સંસ્કૃત અને અંગ્રેજીની કેટલીક પ્રભાવક નીવડેલી સાહિત્યકૃતિઓની પણ સમાન્તરે, મધ્યકાલીન કવિતા, એનાં વિવેચન-સંશોધનો મનને તૃપ્ત કરતાં રહ્યાં...

શિક્ષક હોવાની મજા બલકે તૃપ્તિકરતા એ છે કે એમાં વિદ્યાપ્રાપ્તિ પણ વધુ કસવાળી બનતી રહે છે. વર્ગોમાં મધ્યકાલીન સાહિત્ય વધુ આસ્વાદ્ય, વિદ્યાર્થીઓ અને શિક્ષક બંને માટે, બનતું ગયું. નવા દરવાજા ખૂલતા ગયા.

એવામાં વળી, ‘ગુજરાતી સાહિત્યકોશ’ના સંપાદનમાં સંકળાવાનું બન્યું. એમાં મધ્યકાળની બહોળી તથા ઝીણામાં ઝીણી વિગતને પણ લક્ષ્ય કરતો; સઘન છતાં પ્રાસાદિક લેખનની તાલીમ આપતો, ક્યાંક હસ્તપ્રત-વાચનને પણ આવશ્યક બનાવતો મધ્યકાલીન વિશ્વનો બહુઆયામી પરિચય પામવાનું થયું. ને એમ, સંસર્ગ દૃઢતર બન્યો.

●

આ કોશ-સંપાદને મધ્યકાલીન કૃતિઓનાં સંચયો-સંપાદનોના કામને વધુ ઘુંટાયેલું ને પદ્ધતિપરક બનાવ્યું. વ્યાપક વાચનમાંથી, નિકટ વાચન અવતરતું ગયું, ને કવિતાની માર્મિકતા વધુ પ્રત્યક્ષ થતી રહી. પછી વળી, વર્ષોની એક અભિલાષા ‘ભોગીલાલ સાંડેસરા સ્વાધ્યાયપીઠ’ના સંશોધનકાર્યથી ફળી – હસ્તપ્રતોની અડાબીડ પણ રોમાંચક દુનિયામાં પ્રવેશવાનું થયું.

પછી તો મધ્યકાલીન સાહિત્ય વિશેનાં વક્તવ્યો, અધ્યયનગ્રંથો માટેનું લેખન, નિમિત્તકેન્દ્રી ને સ્વાધ્યાયકેન્દ્રી વિવેચનલેખન – એમ નિમજ્જન થતું રહ્યું.

●

એ બધું, ત્રણ-ચાર દાયકા દરમ્યાન થયેલું લેખન-પ્રકાશન અહીં એક સાથે મૂક્યું છે. કેટલાક લેખો મારાં પૂર્વપ્રકાશનોમાંથી લીધા છે, થોડાક સંપાદનોના ભૂમિકાલેખો પસંદ કર્યા છે, કેટલાંક લખાણો સામયિકોમાં પ્રગટ થયેલાં એ લીધાં છે. દરેક લેખને અંતે સ્રોતનિર્દેશો કર્યા જ છે.

અહીં સંકલિત કરેલા લેખોને નિશ્ચિત વિભાગોમાં રજૂ કરીને પુસ્તકને એક ઘાટ આપવાનું કર્યું છે. આ સર્વ લેખો સાહિત્યના વિદ્યાર્થીઓને, નવ-સંશોધકોને, અધ્યાપકોને તેમજ ગુજરાતી સાહિત્યનું સઘન અધ્યયન કરવું જેમને માટે આવશ્યક હોય છે એવા, ઉચ્ચ વહીવટી સ્પર્ધાત્મક તાલીમના વિદ્યાર્થીઓને પણ જિજ્ઞાસાપોષક ને ઉપયોગી થઈ શકશે તો મને આનંદ થશે – એક શિક્ષક તરીકે ને મધ્યકાલીન સાહિત્યના એક ચાહક વિવેચક તરીકે.

ઉચ્ચશિક્ષણમાં મધ્યકાળના સાહિત્યનું અધ્યયન કંઈક ક્ષીણ થયેલું છે ત્યારે અનુજ પેઢીના જે કેટલાક અધ્યાપકવિવેચકમિત્રો હજુ રસથી ને સમજથી મધ્યકાલીન સાહિત્ય પર કામ કરી રહ્યા છે એમને આ પુસ્તક અર્પણ કરતાં પણ એક ઊંડો તોષ અનુભવું છું.

વડોદરા,
વૈશાખ સુદ એકમ, ૨૦૮૨ – **રમણ સોની**
૧૮ એપ્રિલ ૨૦૨૬
ફોન. ૯૨૨૮૨૧૫૨૭૫

# અ નુ ક્ર મ


1

- મધ્યકાલીન ગુજરાતી કવિતાનું ઐશ્વર્ય .......... 1
- મધ્યકાલીન સાહિત્ય : અધ્યયન અને અધ્યાપન .......... 7
- મધ્યકાલીન સંશોધન-વિવેચનસંદર્ભે – કેશવલાલ ધ્રુવ .......... 15

2

- નરસિંહ મહેતાની કાલજયી સર્જકતા .......... 28
- મીરાંની કવિતા – મંજુલ અને દ્યુતિમંત કવિ-સ્વર .......... 39
- શામળ – મધ્યકાલીન પદ્યકથાનું શિખર .......... 52
- દયારામ  મધ્યકાલીન પદગાનનો છેલ્લો તેજસ્વી કવિસ્વર .......... 58

3

- પ્રેમાનંદકૃત આખ્યાનકૃતિઓ
  – 'કુંવરબાઈનું મામેરું' : સુબદ્ધ અને પ્રવાહી આખ્યાનકૃતિ .......... 75
  – 'ચંદ્રહાસ-આખ્યાન' : શાલિગ્રામનો મોટો મહિમા .......... 82
  – 'નળાખ્યાન' : પ્રેમાનંદનું પૂર્ણવિકાસ-કાળની રચના .......... 92
  – 'રણયજ્ઞ' : શૃંગ પરથી ઊતરતાં .......... 107
- વિષ્ણુદાસનું 'ચંદ્રહાસ-આખ્યાન' : કવિશક્તિના કેટલાક વીજ-ઝબકાર .......... 119
- ચંદ્રહાસ-કથા : જૈમિનીય અશ્વમેધ અને ગુજરાતી આખ્યાનો .......... 130
- યશોવિજયકૃત 'સમુદ્ર-વહાણ સંવાદ' વિદગ્ધ કવિનું કથન-કૌશલ .......... 156
- વીરવિજયકૃત 'નેમ-રાજુલ બારમાસા' પરંપરાગત વિષયમાં થોડાક મૌલિક અંશો .......... 161

4

- નરસિંહ-વૈભવનો પૂર્ણ આલેખ – અન્યભાષીઓ માટે
  *Narsinh Mehta of Gujarat* – Neelima Shukla-Bhatt .......... 166
- સંસ્થાના બરનું કામ એકલે હાથે
  'મધ્યકાલીન ગુજરાતી શબ્દકોશ' : જયંત કોઠારી, ૧૯૯૫ .......... 174
- મોટી સંશોધનપ્રેરકતા ધરાવતા સૂચિગ્રંથો : 'જૈન ગૂર્જર કવિઓ'
  સંપાદક : મોહનલાલ દેશાઈ, પુનઃસંપાદન : જયંત કોઠારી .......... 179
- હસ્તપ્રતો – સુરક્ષાની આજીવન કેદ? .......... 185